**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ મા.**
**ક્રિ. કે. નં. ૭૮૧૧/૧૮**
**આંક ૧ અન્વયે હુકમ.**

આરોપી જેલમાંથી રજુ છે ફરીયાદી હાજર છે. ફરીયાદીને સાંભળ્યા, તેઓએ આંક ૩ થી પુરસીસ આ કેસ આગળ ચલાવવા માગતા નથી કે કોઈ પુરાવો આપવા માગતા નથી તેવુ જણાવેલ છે.ફરીયાદી/ભોગ બનનારને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો દરગુજર ( કમ્પાઉન્ડ ) કરે છે અને સદર કેસ આગળ ચલાવવા માગતા ન હોઈ ન્યાય ના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>– : હુ ક મ : –</u>**

૧. આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ. પી. કો. કલમ ૩૭૯, ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.આરોપી કસ્ટડી મા હોઈ તેને અન્ય ગુના ના કામે જરુર ન હોય તો જેલ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામા આવે છે .

૩. આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજ તા. ૨૮ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૨૮/૨/૨૦૧૮.

( એમ. આર. શુકલા. )
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
GJ00681.